INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૧૧-૦૮-૨૦૨૬

- **ભાજપના શાસનમાં ભૂ-માફિયાઓ બેફામ, પૂર્વ મંત્રી-ધારાસભ્ય બાદ, હવે ચીફ ઓફિસર, કૃષિ મામલતદારના મેળાપીપણાથી ખોટા ખેડૂત બનાવવાનું કૌભાંડ : અમિત ચાવડા**
- **ખોટા જન્મના પ્રમાણપત્ર, ખોટા ખેડૂત, શ્રી સરકાર જમીનના વેપારની SIT બનાવી તપાસ કરો : અમિત ચાવડા**
- **ખોટા જન્મના દાખલાના આધારે વિદેશમાં રહેતાને નકલી ખેડૂત બનાવી વડોદરાના ખટંબા ગામની ૩૦૦ કરોડ કિંમતની ૬,૦૦,૦૦૦ ચો.ફૂટ જમીન વેચી મારવાનું કૌભાંડ : અમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ગરીબ અને સામાન્ય માણસ માટે જમીન મેળવવી મુશ્કેલ છે, પરંતુ જો કોંગ્રેસના ધ્યાન પર આવેલી ફરિયાદો અને દસ્તાવેજોની તપાસમાં રહેલી વિગતો સાચી સાબિત થાય તો નકલી દસ્તાવેજો અને ખોટી રીતે ઉભા કરવામાં આવેલા ખેડૂત/વારસદારના હકના આધારે કરોડો-અબજો રૂપિયાની સરકારી જમીનો ખાનગી વ્યક્તિઓને પધરાવવાનું એક વ્યવસ્થિત નેટવર્ક ચાલી રહ્યું હોવાની ગંભીર શંકા ઊભી થાય છે.

આ કોઈ એક વ્યક્તિ કે એક કચેરીનો મામલો નથી. મહેસૂલ તંત્રના કેટલાક અધિકારીઓ, દસ્તાવેજી પ્રક્રિયામાં સંડોવાયેલા લોકો અને રાજકીય-વહીવટી વગ ધરાવતા લોકોની મિલીભગત વિના આટલા મોટા પાયે સરકારી જમીનના હકમાં ફેરફાર શક્ય છે કે કેમ તે સૌથી મોટો સવાલ છે.

વડોદરાના ખટંબા ગામનો આશરે ૬ લાખ ચોરસ ફૂટનો જમીન કેસ, જેનો અંદાજિત બજારભાવ રૂ. ૩૦૦ કરોડથી વધુ થાય છે, આ સમગ્ર વ્યવસ્થાની ગંભીરતા દર્શાવતો કિસ્સો છે.

૩૦૦ કરોડની શ્રી સરકાર થયેલી સરકારી જમીન માટે પહેલાં ખોટો મરણનો દાખલો, પછી જન્મનો દાખલો તથા બિનઅધિકૃત પેઢીનામું બનાવીને વડોદરાના ખટંબા ગામની સર્વે નં. ૧૫૫, ૧૫૭, ૧૬૮/૧ અને ૨૦૭ પૈકી ૨ અંગે નીચેના કેસો ચાલી રહ્યા હોવાનું કોંગ્રેસના ધ્યાન પર આવ્યું છે. TENACY-84C/VDD/09/2026, TENACY-84C/VDD/11/2026, TENACY-84C/VDD/10/2026, TENACY-84C/VDD/70/2020 આ જમીનોનું કુલ ક્ષેત્રફળ અંદાજે ૬,૦૦,૦૦૦ ચોરસ ફૂટ હોવાનું જણાવાય છે. માત્ર રૂ. ૫,૦૦૦ પ્રતિ ચોરસ ફૂટનો અંદાજિત ભાવ ગણવામાં આવે તો જમીનની કિંમત રૂ. ૩૦૦ કરોડથી વધુ થાય છે. પરંતુ સવાલ જમીનની કિંમતથી પણ મોટો છે. આઝાદ નટવરલાલ પરીખના નામે મરણ પ્રમાણપત્ર કેવી રીતે આવ્યું?

કોંગ્રેસના ધ્યાન પર આવેલી વિગતો મુજબ કેલનપુર ગામમાં આઝાદ નટવરલાલ પરીખના નામે ખોટું મરણ પ્રમાણપત્ર બનાવવામાં આવ્યું હતું. પરંતુ ગામના સત્તાવાર રજિસ્ટરમાં સંબંધિત મૃત્યુની નોંધ ન હોવાનું જણાવાયું છે અને આ બાબતે વર્ષ ૨૦૧૬માં FIR નોંધાઈ હોવાની માહિતી પણ સામે આવી છે. જો આ વિગતો સરકારી રેકોર્ડથી સાચી સાબિત થાય છે તો સવાલ છે: મૃત્યુની સત્તાવાર નોંધ

જ ન હોય તો મરણ પ્રમાણપત્ર કયા આધાર પર બનાવવામાં આવ્યું? મરણનો દાખલો પ્રશ્નાસ્પદ બન્યા પછી જન્મનો દાખલો કેવી રીતે આવ્યો?

ત્યારબાદ આઝાદ નટવરલાલ પરીખના નામે ચીફ ઓફિસરની ડિજિટલ સહી, અધિકૃત સીલ અને QR કોડ ધરાવતું જન્મ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું હોવાનું કોંગ્રેસના ધ્યાન પર આવ્યું છે. આ દસ્તાવેજ અંગે પણ ગંભીર સવાલો છે. હાલમાં તેનો QR કોડ કાર્યરત ન હોવાનું જણાવવામાં આવે છે. પ્રમાણપત્ર ઉપર જે ચીફ ઓફિસરની સહી છે તે છેલ્લા ૬ વર્ષથી વડોદરા જીલ્લામાં ફરજ બજાવે છે. નિયમ મુજબ ૩ વર્ષથી વધુ એક જ જીલ્લામાં નોકરી કરતા અધિકારીની બદલી કરવી જરૂરી છે. કોંગ્રેસ સરકારને સીધો સવાલ કરે છે:

આ પ્રમાણપત્ર ખરેખર સરકારી સિસ્ટમમાંથી જારી થયું હતું કે નહીં? જો થયું હતું તો,

કઈ તારીખે થયું?, કયા અધિકારીના Login/ID પરથી થયું?, કયા મૂળ રેકોર્ડના આધારે થયું?, ડિજિટલ સહી કોની હતી?, QR Code કેમ કામ કરતો નથી?, અધિકૃત રજિસ્ટરમાં તેની મૂળ એન્ટ્રી ક્યાં છે?, જો ડીલીટ કરવામાં આવ્યું હોય તો કોની મંજુરીથી ડીલીટ કરવામાં આવ્યું?

આ તમામ પ્રશ્નોના જવાબ સરકાર જાહેર કરે. સાથે સાથે પેઢીનામું પણ શંકાના ઘેરામાં છે. આ મામલામાં રજૂ થયેલા જૂના પેઢીનામા અંગે પણ ગંભીર વિસંગતતાઓ હોવાનું કોંગ્રેસના ધ્યાન પર આવ્યું છે. એફિડેવિટમાં રહેલો ફોટો અને સહી તથા તલાટી સમક્ષ કરવામાં આવેલી ખરાઈમાં રહેલો ફોટો અને સહી અલગ હોવાનું જણાવાય છે. તદુપરાંત, તલાટી સમક્ષની પ્રક્રિયામાં જરૂરી સાક્ષીઓ અંગે પણ પ્રશ્નો ઊભા થાય છે.

હવે વધુ એક પેઢીનામું હાલના કૃષિપંચના કેસમાં રજૂ કરવામાં આવ્યું હોવાનું જણાવાય છે, પરંતુ તે માત્ર એફિડેવિટના આધારે રજૂ કરવામાં આવ્યું છે અને તલાટી સમક્ષ તેની ખરાઈ થયેલી નથી. આથી કોંગ્રેસનો સવાલ છે કે, જો દસ્તાવેજોની મૂળભૂત ખરાઈ જ પૂર્ણ નથી, તો તેના આધારે કરોડો રૂપિયાની સરકારી જમીન અંગેનો હક કેવી રીતે નક્કી થઈ શકે? ગુજરાતમાં સરકારી અને કિંમતી જમીનોના હકમાં "ખેડૂત", "વારસદાર" અથવા અન્ય કાયદેસર હકદાર તરીકે વ્યક્તિને ઉભી કરી જમીન હસ્તાંતરણ કરવાના અન્ય કેસોની ફરિયાદો પણ કોંગ્રેસને પ્રાપ્ત થઈ છે.

જો અલગ-અલગ જિલ્લાઓમાં, અલગ-અલગ જમીનોમાં અને અલગ-અલગ વ્યક્તિઓના નામે સરકારી જમીનના હક મેળવવાની પ્રક્રિયામાં સમાન પ્રકારના પ્રશ્નો વારંવાર ઊભા થાય છે, તો શું આ માત્ર સંયોગ છે? અથવા ગુજરાતમાં "નકલી ખેડૂત" ઉભા કરીને સરકારી જમીન ખાનગી હાથમાં સોંપવાનું કોઈ વ્યવસ્થિત મોડલ કાર્યરત છે? આ સવાલનો જવાબ સરકારની SIT તપાસ જ આપી શકે. કોંગ્રેસ પાસે આવી અનેક ફરિયાદો છે.

કોંગ્રેસ પક્ષને છેલ્લા કેટલાક સમયગાળામાં સરકારી જમીન, શ્રી સરકાર જમીન, ખેતીની જમીન, ખેડૂત તરીકેની પાત્રતા, પેઢીનામા, વારસાઈ તથા શંકાસ્પદ દસ્તાવેજોના આધારે જમીનના હકમાં થયેલા ફેરફારો અંગે અનેક ફરિયાદો પ્રાપ્ત થઈ છે. આ તમામ ફરિયાદોને કોંગ્રેસના લીગલ સેલના અધિવક્તાઓ હાલમાં દસ્તાવેજો અને સત્તાવાર રેકોર્ડ ચકાસી રહ્યા છે.

ચકાસણી પૂર્ણ થયા બાદ જે ફરિયાદોમાં પ્રથમદર્શી રીતે ગંભીર ગેરરીતિ જણાશે તે અંગેના દસ્તાવેજો, કેસ નંબર, સર્વે નંબર અને સંબંધિત સત્તાવાર રેકોર્ડ સાથે આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા તબક્કાવાર ખુલાસો કરવામાં આવશે અને સરકારી જમીન લૂંટનાર કોઈપણ વ્યક્તિને બચવા પણ નહીં દઈએ.

કોંગ્રેસના સરકારને ૧૦ સીધા સવાલ છે.

| |
|---|
| ૧. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી શ્રી સરકાર જમીન ખાનગી વ્યક્તિઓના નામે કરવામાં આવી? |
| ૨. તેમાં કેટલી જમીન એવા વ્યક્તિઓના નામે થઈ જેઓ અગાઉ ખેડૂત તરીકે નોંધાયેલા ન હતા? |
| ૩. કેટલા કેસોમાં પેઢીનામા, વારસાઈ અથવા ખેડૂત પ્રમાણપત્રના આધારે જમીનનો હક બદલાયો? |

| |
|---|
| ૪. આવા તમામ દસ્તાવેજોની મૂળ રજિસ્ટર અને ડિજિટલ Audit Trail તપાસવામાં આવી છે કે નહીં? |
| ૫. ખોટા દસ્તાવેજોના આધારે સરકારી જમીન મેળવવાના કેટલા કેસોમાં FIR થઈ? |
| ૬. આવા કેસોમાં કેટલા સરકારી અધિકારીઓ સામે કાર્યવાહી થઈ? |
| ૭. વડોદરાના ખટંબા કેસમાં કરોડો રૂપિયાની જમીનના હકમાં ફેરફાર કરતી વખતે અધિકારીઓએ કયા મૂળ દસ્તાવેજોની ખરાઈ કરી? |
| ૮. આઝાદ નટવરલાલ પરીખના મરણ અને જન્મ પ્રમાણપત્રોની મૂળ એન્ટ્રી તથા Digital Audit Trail સરકાર જાહેર કરશે? |
| ૯. રમણ વોરા પ્રકરણ સહિત આવા તમામ કેસોની એકસાથે તપાસ કરવા સરકાર SIT કેમ બનાવતી નથી? |
| ૧૦. આ સમગ્ર પ્રક્રિયામાં જો ગાંધીનગર સુધી કોઈ અધિકારી, રાજકીય વ્યક્તિ અથવા પ્રભાવશાળી વ્યક્તિની ભૂમિકા હોય તો શું સરકાર તેની સામે પણ કાર્યવાહી કરશે? |

અમારી મુખ્ય માંગણીઓ છે કે

૧. તાત્કાલિક SITની રચના કરો (વડોદરા ખટંબા જમીન પ્રકરણ, રમણ વોરા પ્રકરણ અને સમાન પ્રકારની તમામ ફરિયાદોની એકસાથે તપાસ માટે સ્વતંત્ર SIT બનાવવામાં આવે)

૨. જમીનના વ્યવહારો પર તાત્કાલિક રોક (તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત જમીનોનું વેચાણ, હસ્તાંતરણ, બોજો અથવા તૃતીય પક્ષના હકોનું સર્જન અટકાવવામાં આવે).

૩. તમામ મૂળ દસ્તાવેજોની ફોરેન્સિક તપાસ (મરણ પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, પેઢીનામું, એફિડેવિટ, સહી, ફોટોગ્રાફ, સીલ અને ડિજિટલ સહીની તપાસ કરવામાં આવે).

૪. Digital Audit Trail જાહેર કરો (ડિજિટલ પ્રમાણપત્ર કયા અધિકારીના Login/ID પરથી, ક્યારે અને કયા રેકોર્ડના આધારે જનરેટ થયું તેની તપાસ કરવામાં આવે).

૫. જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી (તપાસમાં પ્રથમદર્શી રીતે બેદરકારી, ગેરરીતિ અથવા સંડોવણી જણાય છે માટે સંબંધિત અધિકારીઓને સંવેદનશીલ જવાબદારીમાંથી દૂર કરી નિયમ મુજબ વિભાગીય તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે).

૬. સરકારી જમીન પાછી મેળવો (ગેરકાયદેસર રીતે ખાનગી વ્યક્તિના નામે કરવામાં આવેલી હોવાથી તેને કાયદેસરની પ્રક્રિયા દ્વારા સરકારના હકમાં પરત લાવવામાં આવે).

૭. ગાંધીનગર સુધી તપાસ પહોંચાડો (આ સમગ્ર પ્રક્રિયા પાછળ કોઈ વહીવટી કે રાજકીય રક્ષણ હોય તો તપાસ માત્ર તાલુકા કે જિલ્લા સ્તર સુધી મર્યાદિત ન રાખવામાં આવે)

૮. સંપૂર્ણ રિપોર્ટ જાહેર કરો (SITની તપાસનો અંતિમ રિપોર્ટ અને સરકારી જમીન અંગે થયેલી કાર્યવાહી જનતા સમક્ષ મૂકવામાં આવે)

“સરકારી જમીન કોઈની જાગીર નથી” ગુજરાતના સાચા ખેડૂતોને જમીન મેળવવા માટે વર્ષો સુધી કચેરીઓના ધક્કા ખાવા પડે છે. અને બીજી તરફ, જો કોંગ્રેસના આક્ષેપો સાચા સાબિત થાય તો બોગસ દસ્તાવેજો અને ખોટી રીતે ઉભા કરાયેલા હકોના આધારે કરોડો-અબજો રૂપિયાની સરકારી જમીન ખાનગી વ્યક્તિઓને પધરાવવામાં આવી રહી છે.

આ માત્ર જમીનનો પ્રશ્ન નથી. આ ગુજરાતની જનતાની સંપત્તિની સુરક્ષાનો પ્રશ્ન છે. કોંગ્રેસ સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહે છે. નકલી ખેડૂત ઉભા કરીને સરકારી જમીન પધરાવવાનું બંધ કરો, ૩૦૦ કરોડની જમીનનો જવાબ આપો. રમણ વોરા સહિત તમામ કેસોની SIT તપાસ કરો, ગાંધીનગર સુધી જેનું નામ આવે તેને તપાસના દાયરામાં લાવો, સરકારી જમીન બચાવો, ગુજરાતની જનતાની મિલકત બચાવો.

કોંગ્રેસ પાસે આવેલી દરેક ફરિયાદની દસ્તાવેજી ખરાઈ કરવામાં આવશે અને જે કેસોમાં પ્રથમદર્શી ગેરરીતિ સાબિત થશે, તે કેસો આગામી તબક્કે પુરાવા સાથે ગુજરાતની જનતા સમક્ષ મૂકવામાં આવશે. રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત ઉપરોક્ત પત્રકાર વાર્તામાં ડભોઇ તાલુકા પ્રમુખ શ્રી સુધીરભાઈ બારોટ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

બીડાણ :
નકલી મરણનો દાખલો, ગ્રામ પંચાયતનું મરણ રજીસ્ટર, પેઢીનામું, એફિડેવિટ, નકલી જન્મનો દાખલો, કૃષિપંચના ઓર્ડરો, સુઝાન આઝાદ પરીખનો રીપબ્લીકન ઓફ માલ્ટાનો પાસપોર્ટ તથા મુંબઈનું આધાર કાર્ડ.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮